નં.જિશિસ/મકમ/વશી/માંગણીથી/બદલીકેમ્પ/સુધારો/૧૩/૯૭૨

જિલ્લા શિક્ષણ સમિતિ
જિલ્લા પંચાયત,પોરબંદર
તા. ૧૭/૦૭/૨૦૧૩

**વંચાણ** : અત્રે કચેરીના આદેશ ક્રમાંક નં.જિશિસ/મકમ/વશી/માંગણીથી/બદલીકેમ્પ/૧૩/૯૩૧–૯૭૧ તા.૧૬/૭/૨૦૧૩

------------------------: **કાર્યાલય આદેશ** :------------------------

જિલ્લા શિક્ષણ સમિતિ,પોરબંદર હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતાં શિક્ષકો પૈકી પોરબંદર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં માંગણીથી બદલવા ઈચ્છતા શિક્ષકો માટે બદલીઓનો કેમ્પ તા.૧૬/૭/૨૦૧૩ ના રોજ ડાયેટ, પોરબંદર ખાતે યોજવામાં આવેલ હતો. આ કેમ્પમાં માંગણીથી બદલી પામનાર તમામ શિક્ષકોને અત્રેની કચેરીના સંદર્ભ વાળા આદેશથી બદલીઓ કરવામાં આવેલ છે.

સદર આદેશમાં નોંધ (૧) માં " આ ફેરબદલી ઓવર સેટ અપ સરભર કરવા થયેલ હોય શિક્ષકની સ્ટેશન સિનિયોરીટી માટે મુળ શાળામાં આવ્યા તારીખ ગણાશે" શરતચુકથી થવા પામેલ છે. આ કેમ્પમાં બદલી પામનાર તમામ શિક્ષકો માંગણીથી બદલી પામ્યા હોય તેઓને આ નિયમ લાગુ પડતો ન હોય, ઉપરોકત કેમ્પમાં બદલી પામનાર તમામ શિક્ષકોને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. જિશિસ/મકમ/વશી/માંગણીથી/બદલીકેમ્પ / ૧૩/૯૩૧–૯૭૧ તા.૧૬/૭/૨૦૧૩ થી કરવામાં આવેલ કાર્યાલય આદેશમાં નિર્દિષ્ટ નોંધ (૧) રદ ગણવા આદેશ કરવામાં આવે છે.

(ડી.આર.સરડવા)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
પોરબંદર

નકલ રવાના:

(૧) તાલુકા વિકાસ અધિકારી તમામ, જિલ્લો પોરબંદર

(૨) આચાર્ય, પે સે શાળા તમામ, જિલ્લો પોરબંદર

– સંબંધિત પે. સે. શાળાના આચાર્યશ્રીએ સંબંધિત શિક્ષકોની સેવાપોથીમાં બદલી અંગેની નોંધ કરતી વખતે " માંગણી થી બદલી " એવો ઉલ્લેખ કરવાનો રહેશે. તેમજ તેમના બદલી આદેશમાંની નોંધ (૧) આ આદેશથી રદ થયા અંગેનો સ્પષ્ટ ઉલ્લેખ મજકુરશ્રીની સેવાપોથીમાં કરવાનો રહેશે.

(૩) આચાર્ય, પ્રાથમિક શાળા તમામ, જિલ્લો પોરબંદર

– માંગણીથી બદલી પામેલ તમામ સંબંધિત શિક્ષકોને જાણ કરી અને તેઓશ્રીની પ્રતિ સહી લઈ નકલ અત્રે મોકલવા જણાવવામાં આવે છે.

(૪) સબંધિત શિક્ષકો

(૫) સ્થળ પ્રત